ભિલોડામાં આભ ફાટ્યું : ૭ ઈંચ વરસાદ

વરસાદથી મોટી સંખ્યામાં વાહનો અને લોકો શામળાજી હાઈવે પર અટવાયા હિંમતનગરમાં પાંચ ઈંચથી વધુ અને ઈડરમાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો

અમદાવાદ, તા. ૨૩

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદનો દોર આજે જારી રહ્યો હતો. અરવલ્લીના ભિલોડામાં સાત ઈંચથી પણ વધુ વરસાદ ખાબકી જતા ચારે બાજુ જળબંબાકરની સ્થિતિ જોવા મળી હતી. ચારેબાજુ પાણી ભરાઈ જતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. મોડાસા-શામળાજી હાઈવે ઉપર પણ પાણી ફરી વળ્યા હતા. ભિલોડામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. હાથમતી નદી બે કાંઠે વહેતી થઈ ગઈ છે. ભારે વરસાદના પરિણામ સ્વરૂપે મોટી સંખ્યામાં લોકો શામળાજી હાઈવે ઉપર પણ ફસાયા હતા. અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. હજુ ભારે વરસાદ ગુજરાતમાં જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગ દ્વારા આની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સાબરકાંઠા, હિંમતનગર, ઈડર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. હિંમતનગરમાં કલાકોના ગાળામાં જ પાંચ ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. જ્યારે ઈડરમાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ગયો હતો. મહેસાણામાં પણ ટુંકા ગાળામાં જ બે ઈંચથી વધુ વરસાદ તૂટી પડ્યો હતો. ઉત્તર ગુજરાત ઉપરાંત કચ્છ-માંડવીના આસપાસના વિસ્તારોમાં પણ હળવો વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. હાલમાં જ્યાં ભાદરવી પુનમ મેળો ચાલી રહ્યો છે તે ધાર્મિક સ્થળ અંબાજીમાં પણ ઉલ્લેખનિય વરસાદ થયો છે. જોકે આના લીધે શ્રદ્ધાળુઓ ઉપર કોઈ અસર થઈ નથી. શ્રદ્ધાળુઓનો ધસારો અકબંધ રીતે જારી રહ્યો છે. હિંમતનગર-ઈડર હાઈવે ઉપર પણ પાણી ફરી વળ્યા હતા. બે કલાકના ગાળામાં જ ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાઈ જતા રસ્તા ઉપર વાહનો અટવાઈ પડ્યા હતા. સરખેજ હાઈવે ઉપર પણ ભારે વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે અને અહીં પણ પાણી ફરી વળ્યા હતા.

મેશ્વો નદી બે કાંઠે થઈ ગઈ છે. શામળાજી નજીક મેશ્વો નદી પર મેશ્વો ડેમ પણ ઓવરફ્લો થવાની નજીક પહોંચી ગયો છે. આજે સતત બીજા દિવસે ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે શનિવારના દિવસે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. રાજ્યના ૬૦થી વધુ તાલુકાઓમાં ઉલ્લેખનીય વરસાદ થયો હતો. શનિવારના દિવસે ક્વાંટ, મોડાસા, દાહોદ, ગાંધીનગર, સાબરકાંઠા, હિંમતનગર, જાંબુઘોડા, છોટાઉદેપુર, નસવાડી, બોડેલી, ગરબાડામાં ભારે વરસાદ ખાબક્યો હતો. આજે ઉત્તર ગુજરાતમાં નોંધપાત્ર વરસાદ થયો હતો. ખાસ કરીને અરવલ્લીના ભિલોડામાં સૌથી વધારે વરસાદ નોંધાયો હતો. મોડાસા-શામળાજી હાઈવે પર ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. તંત્રને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા. રસ્તા ઉપર વાહનોની લાંબી લાઈનો પણ જોવા મળી હતી. ગઈકાલે ક્વાંટ, છોટાઉદેપુરમાં બે ઈંચથી વધુ વરસાદ થયો હતો જ્યારે દાહોદમાં પણ બે ઈંચથી વધુ વરસાદ થયો હતો. હવામાન વિભાગનું કહેવું છે કે, ભારે વરસાદ ગુજરાત ઉપરાંત અન્ય ભાગોમાં પણ પડી શકે છે. પૂર્વીય રાજસ્થાન, ગુજરાત, દક્ષિણ પશ્ચિમ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા, ઉત્તરાખંડમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. આવતીકાલે હિમાચલમાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ છે. ગુજરાતમાં પણ ભારે વરસાદની ચેતવણી હોવાથી તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાયા છે. દક્ષિણ પશ્ચિમ મધ્યપ્રદેશ ઉપર ડિપ્રેશનની સ્થિતિ સર્જાયેલી છે જેના પરિણામ સ્વરુપે વરસાદી માહોલ જામ્યો છે. ગુજરાતમાં હજુ પણ ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. ગુજરાતમાં મોનસૂન ફરી એકવાર રીતે સક્રિય થયું છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવો વરસાદ થયો છે ત્યારે બીજી બાજુ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ થયો છે અને સાબરકાંઠા, બનાસકાંઠા, મહિસાગર અને અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતમાં અતિ ભારે વરસાદ પડવાની ચેતવણી તંત્ર દ્વારા જારી કરાઈ છે. આગામી પાંચ દિવસ દરમિયાન હળવો વરસાદ અન્યત્ર પણ જારી રહી શકે છે.

ખેડબ્રહ્માની હરણાવ નદીમાં ૧૨ ફસાયા

હરણાવ નદીમાં ઉપરવાસથી પાણી છોડાતા પૂરની સ્થિતિ : અંતિમવિધિમાં ગયેલા ૧૨ ફસાયા હતા : ૧૨ જણનો જીવ બચતા વહીવટી તંત્રનો હાશકારો

ખેડબ્રહ્મા, તા.૨૩

ખેડબ્રહ્મા ખાતે હરણાવ નદીમાં દફનવિધિ ની જગ્યા ઉપર બજાણીયા સમાજ ના લોકો દફનવિધિ માટે આવેલા હતા જેમને ઉપરવાસમાં પડેલા વરસાદ નો ખ્યાલ ન રહેતા નદી બે કાંઠે થતા ૧૨ લોકો ફસાયા હતા. જેમને વહીવટી તંત્ર અને સ્થાનિક લોકોની મદદથી બચાવાયા હતા.

ખેડબ્રહ્મા શહેરના ૫૮ વિસ્તારમાં ડુંગળીવાળી ફળીમાં રહેતા વિનોદભાઈ શંકરભાઈ બજાણીયા ની પત્ની શીતલબેન શનિવાર રાત્રે ગુજરી ગયા હતા. જેમની અંતિમવિધિ માટે બજાણીયા સમાજના રીતરિવાજ મુજબશીતલબેનની દફનવિધિ હરણાવ નદીના પટમાં રેસ્ટ હાઉસ પાછળ આવેલ જગ્યા મા સવારે ૧૧:૦૦ કલાકે ૨૦ થી ૨૫ માણસો ગયા હતા

શનિવાર રાત્રિના ચાલુ થયેલ વરસાદ અને હરણાવ નદીના ઉપરવાસમાં ભારે વરસાદના કારણે અચાનક નીર નવા પાણી આવી જતા આજુબાજુ ની જગ્યા માપાણીણી ફરી વળ્યા હતા ત્યારે પૂલ ઉપરથી પસાર થતા લોકોએ બૂમાબૂમ કરતા થોડું પાણી આવલે હોય ત્યારે તેમાંથી કેટલાક લોકો દોડીનેબહાર આવી ગયા હતા જ્યારે ૧૨ લોકો દફનવિધિ બાકી હોઈ અંદર જ રહી ગયા હતા પરંતુ તેમના અંદાજ કરતા પાણી વહેલું અને ઝડપી વધી જતા તેઓ ફસાઈ ગયા હતા પાણી વહેલું અને ઝડપથી વધતા તેમની આજુબાજુ પાણી ફરી વળ્યું હતું જેથી બહાર નીકળી ગયેલ લોકો અને સ્વજનો ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. અને તેમના જીવ અધ્ધર થવા લાગ્યા હતા.

થોડીવારમા આ વાત શહેરમાં ફેલાઈ જતા લોકોના ટોળેટોળા પૂલ ઉપર પહોંચી ગયા હતા જેથી તંત્ર પણ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. જેમણે ખેડબ્રહ્મા અને ઈડરની ફાયર ટીમને જાણ કરી હતી. પરંતુ પાણી વધતું જતું હતું એટલે સ્થાનિક તરવૈયા વર્ધમાનભાઈ નટ અને ટીઆરબી જવાન હેમાંગ રાવલ બંને ગલોડિયા રોડ ઉપર આવેલ ભૃગુરુશી મહાદેવ મંદિર પાછળથી નાવડી નદીમાં ઉતારી હતી અને બંને જણા ઘટના સ્થળે પહોંચતા જ નાવડી ટેકરાવાળી જગ્યામાં ફસાઈ જતા કિનારે ઉભેલ વહીવટી તંત્રના માણસો અને લોકોમાં ચિંતા પ્રસરી ગઈ હતી. બંને જણાએ નાવડીને ફસાયેલા લોકો સુધી લઈ ગયા હતા. જ્યાં તેમને નાવમાં બેસાડી નદીના બીજી બાજુના પક્ષેન્દ્રનાથ મહાદેવ મંદિર પાછળ બારે જણાને સહી-સલામત બહાર કાઢ્યા હતા. ત્રણ કલાક પાણી વચ્ચે રહ્યા બાદ બહાર આવી હાશકારો અનુભવ્યો હતો લોકોમાં પણ જીવ બચ્યાનો આનંદ છવાઈ ગયો હતો. ત્યારબાદ તેમને શારીરિક તપાસ માટે ખેડબ્રહ્મા નગરપાલિકા લઈ જવામાં આવ્યા હતા. પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી અને મામલતદાર જી.ડી. ગમારની હાજરીમાં ડોક્ટરે તપાસ કરી હતી. બહાર કાઢવામાં આવ્યા ત્યારે સતત વરસાદના કારણે બેથી ત્રણ વ્યક્તિ ભીંજાયા હોઈ ઠંડીના કારણે કાંપાતા નજરે પડ્યા હતા. તમામ લોકો સહી સલામત હોઈ વહીવટી તંત્ર અને લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

કેડાઈ અરવલ્લી દ્વારા ઓનલાઈન પ્લાન પાસિંગ પ્રક્રિયા ગોકળગાયની ગતિએ ચાલતા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૨૩

રાજ્ય સરકાર દ્વારા બાંધકામોના પ્લાન પાસ કરાવવામાં સરળતા અને પારદર્શતા જળવાઈ રહે તે માટે ૭-૫-૨૦૧૮ના રોજ ઓનલાઈન પ્લાન પાસિંગ પ્રક્રિયાને અમલમાં મુકાતા બિલ્ડર્સમાં આનંદ છવાયો હતો. પરંતુ ઓનલાઈન પ્રક્રિયામાં ૫ મહિના સુધી બિલ્ડર્સ દ્વારા મંજૂરી માટે મુકેલ પ્લાન મંજુર થવામાં વિલંબ થતા ૪ હજારથી વધુ બાંધકામ પ્રોજેક્ટ અટવાઈ પડતા અને અરવલ્લી જીલ્લાના બિલ્ડર્સ પણ મુશ્કેલીમાં મુકાતા બિલ્ડર્સ એસોશિએશન ક્રેડાઈ અરવલ્લી દ્વારા જીલ્લા કલેકટર એન.નાગરાજનને આવેદનપત્ર આપી ઓનલાઈન પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવાની માંગ સાથે રાજ્યના બિલ્ડરર્સને રજાચિઠ્ઠી બાબતે અનુભવાતી પારાવાર મુશ્કેલીનો નિવેડો લાવવા અને યોગ્ય ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લાની ક્રેડાઈ સંસ્થાના પ્રમુખ કમલેશ પટેલ, ચેરમેન જીતેન્દ્ર પટેલ, મોડાસા ક્રેડાઈ પ્રમુખ દિલીપ પટેલ, ચેરમેન વિનોદ પટેલ અને ક્રેડાઈના સદશ્યો દ્વારા જીલ્લા કલકટરને આવેદનપત્ર આપી ઓનલાઈન પ્લાન પાસિંગ પ્રક્રિયા ગોકળગાયે ચાલતી હોવાથી બિલ્ડર્સ મુશ્કેલીમાં મુકાયા હોવાની સાથે ઓનલાઈન કામગીરી કરનાર સોફ્ટવેર કંપની સામે એફઆઈઆર નોંધવામાં આવે અને બાંધકામ ક્ષેત્રને પુનઃ વેગવંતુ બનાવવા ઓફ લાઈનપ્લાન પાસિંગ પ્રક્રિયા અમલમાં મૂકી મુશ્કેલીમાં પડેલ બાંધકામ ક્ષેત્રને બહાર લાવવા રજુઆત કરી હતી. ક્રેડાઈ અરવલ્લીના પ્રમુખ કમલેશ પટેલના જણાવ્યા અનુસાર ઓનલાઈન પ્લાન પાસિંગ માટે ગુજરાત ક્રેડાઈ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરતા એક સપ્તાહમાં નિરાકરણ લાવવાની બાંહેધરી આપી હોવાથી બિલ્ડર્સ આશાવાદી બન્યા છે.

યોજનાનો લાભ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો આપનું નામ વેબસાઈટ પર દેખાય નહીં તો પણ આપે વધારે ગભરાવવાની જરૂરિયાત નથી. આને માટે આપને ડેટાબેસમાં આપનું નામ, પિતાનું નામ, લિંગ અને રાજ્યનું નામ અંકિત કરવાનું રહેશે.

ત્યાર બાદ સર્ચ કરવા પર આપનું નામ આવી જશે, બાદમાં આપ ''ગેટ એસએમએસ'' ઓપ્શન પર ક્લિક કરો. ત્યાર બાદ આપની પાસે એક મેસેજ આવશે, જેમાં આપને એક નંબર મળશે. તે નંબરને આપ સંભાળીને રાખો, કેમ કે આ ભવિષ્યમાં ખૂબ કામ આવશે.

જો આવું કરવા છતાં પણ આપનું નામ સર્ચ કરવા પર ના આવે તો આપ ''આયુષ્યમાન મિત્ર''ને સંપર્ક કરો અને આને માટે જરૂરી દસ્તાવેજ જમા કરાવો. ત્યાર બાદ આપ ચેક કરી શકો છો કે આપને આ યોજનાનો લાભ મળશે કે નહીં.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

દંડાત્મક કાર્યવાહી માત્ર રાજ્યના શાસકો જ કરી શકે એવા સંજોગોમાં સમગ્રપણે ચૂંટણીતંત્ર રાજ્યના શાસકોની કઠપૂતળી બનીને રહે છે. વ્યાપક જનજાગરણ અનિવાર્ય ચૂંટણીતંત્ર માટેના કાયદા-કાનૂન તો રૂડારૂપાળા હોય છે,પરંતુ અમલમાં એ પોતાની નિષ્ઠા ક્યાં દર્શાવશે એ સમજી શકાય છે.ચૂંટણીપંચ ભલે સ્વાયત્ત હોય, એના ત્રણેય કમિશનરોની નિમણૂક દેશના સત્તારૂઢ પક્ષની ઈચ્છા મુજબ થાય છે.વિપક્ષની ભૂમિકા મત્તું મારવા જેટલી જ રહે છે.આવા સંજોગોમાં તટસ્થ ચૂંટણી થવાની અને ગેરરીતિઓ નાબૂદ થવાની કલ્પના કરવી જરા વધુ પડતી છે.માત્ર અને માત્ર પ્રજા અને સ્વયંસેવી સંગઠનો જાગૃત પ્રયાસો કરે તો લોકશાહી મૂલ્યો બચી શકે. દેશમાં ચૂંટણીઓ થાય છે, સત્તાધીશો બદલાય છે; પણ વ્યવસ્થામાં જ્યાં સુધી પરિવર્તન કરવામાં ના આવે ત્યાં લગી ચૂંટણી મામકાશ્ચ પાંડવાશ્ચનો ખેલ જ બની રહેવાની છે.પ્રજાને ઢંઢોળીને જ ચૂંટણી સુધારા અમલમાં લાવવાનું કે એમાંની ગેરરીતિઓ નાબૂદ કરી શકાશે. અદાલતોની જેમ ચૂંટણીનું વિશ્વસનીય તંત્ર ઊભું કરવાની જરૂર છે. જોકે ન્યાયતંત્રને પણ લૂણો લાગી રહ્યો હોય ત્યાં લોકશાહીનું ભાવિ ઉજ્જવળ બનાવવા વ્યાપક જનજાગરણને અનિવાર્યતા જણાય છે.અણ્ણા હજારેની રામલીલા મેદાનની ઉપવાસ-લીલા પછીના દેશના ચિત્રને જોતાં તો ગાંધીજી કે રવિશંકર દાદા કે વિનોબા ભાવે પણ ફરીને અહીં અવતરણ કરવાનું કદાચ પસંદ નહીં કરે. એટલે જ જનજનમાં અણ્ણા હજારેની જ્યોત જલાવવી પડશે.

- haridesai@gmail.com

યોજના લોન્ચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ હેઠળ સારવાર સંપૂર્ણપણે કેશલેસ રહેશે. આ સ્કીમની શરૂઆત દેશના ૧૦ હજાર સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ગરીબ માટે ૨.૬૫ લાખ બેડની સુવિધા ઉપલબ્ધ થશે. એટલું જ નહીં આ યોજના પર થનાર ખર્ચને કેન્દ્ર અને રાજ્ય સરકારો મળીને ઉઠાવશે. મહત્વકાંક્ષી યોજના પર ૬૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા ખર્ચ રાજ્ય સરકારો પર પડશે. વર્તમાન નાણાકીય વર્ષમાં આ યોજનાના પરિણામ સ્વરૂપે કેન્દ્ર ઉપર ૩૫૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે. ૨૦૧૮-૧૯ના બજેટમાં કેન્દ્ર સરકાર આને લઈને ૨૦૦૦ કરોડ રૂપિયાની ટોકન રકમ આપી ચુકી છે. વડાપ્રધાન મોદીએ આજે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે અમારા દેશમાં પ્રાચિન લોકોએ આરોગ્યને લઈને સપનું નિહાળ્યું હતું. અમે આ સંકલ્પને પૂર્ણ કરવા જઈ રહ્યા છીએ. સમાજના છેલ્લા તબક્કામાં રહેલા લોકોને સારવાર મળે તેનો મુખ્ય હેતુ રહેલો છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે આયુષ્યમાન ભારતના સંકલ્પની સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય

હેલ્થ સેકટરની જ્યારે વાત કરવામાં આવે છે ત્યારે લોકો સારી રીતે જાણે છે કે જ્યારે પરિવારમાં કોઈ વ્યક્તિને હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે ત્યારે પરિવારની પરસેવાની કમાણી તરત ખતમ થઈ જાય છે અને પરિવાર મુશ્કેલીમાં આવી જાય છે. મોદીએ ઉમેર્યું હતું કે તેઓ ગરીબીમાં રહેલા છે અને ગરીબીને સારી રીતે જાણે છે. અમે બીમારીની જડને પકડીને ગરીબીમાંથી દેશને મુક્તિ આપવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. છેલ્લા બે ત્રણ વર્ષના ગાળામાં જ પાંચ કરોડથી વધુ ગરીબ લોકો ગરીબીમાંથી બહાર આવી રહ્યા છે. આયુષ્યમાન ભારત શરૂ થયા બાદ લાખો કરોડોની સંખ્યામાં રોજગારીની તકો ઉભી થશે. નવી નવી હોસ્પિટલો બનશે. નવા તબીબો તૈયાર થશે. તેમણે ઉમેર્યું હતું કે દરેક ગરીબ પરિવાર ૧૪૫૫૫ હેલ્પલાઈન નંબર યાદ રાખે. આ નંબર ઉપર તમામ માહિતી મળી શકશે. મોદીએ આરોગ્યના ક્ષેત્રમાં કરવામાં આવેલા કામોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ચાર વર્ષમાં દેશમાં દોઢ લાખ વેલનેસ સેન્ટર તૈયાર કરાયા છે.

સ્પેસ મિશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ને સોંપવામાં આવી છે. ઈસરો દ્વારા આના ઉપર કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. ૧૫મી ઓગસ્ટથી લઈને હજુ સુધી ઈસરોના વડા કે સિવન ત્રણ વખત કહી ચુક્યા છે કે આ માત્ર ઈસરો મિશન રહેશે નહીં આ એક રાષ્ટ્રીય મિશન રહેશે. જેમાં દેશભરની સંસ્થાઓના લોકો સહકાર આપશે. એરોસ્પેસ મેડિસિન પણ મદદમાં છે. ઈન્ડિયન સ્પેશ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન દ્વારા એવા અંતિરક્ષ યાત્રીઓને પસંદગી કરાશે જેને ૨૦૨૨માં અંતરિક્ષમાં મોકલવામાં આવશે. ભારતના પ્રથમ અંતરિક્ષ યાત્રી રાકેશ શર્માને પણ ઈન્ડિયન સ્પેશ રિસર્ચ દ્વારા જ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ટ્રેનિંગ ઉપરાંત સંસ્થાએ ચાર મુખ્ય ક્ષેત્રોમાં યોગદાન આપ્યું છે. આઈએએમના વડા અનુપમ અગ્રવાલનું કહેવું છે કે ૩૦ અંતરિક્ષ યાત્રીઓમાં એક પુલની તૈયારી કરવામાં આવી રહી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ